# રાજકોટ ના મહે. ૦૯ માં અધિક જ્યુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,

**ફોજદારી કેસ નં.– ૧૫૫૦૧/૨૦૨૪**
**આંક–૦૯**

**ફરીયાદી – સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી સલીમભાઈ કરીમભાઈ કુરેશી**

**ગુન્હો :– પ્રોહીબીશન એકટની કલમ– ૬૫એએ**

**:: જજમેન્ટ ::**

**(૧)..**આ કામના ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ આ કામના ચાર્જશીટમા જણાવેલ તારીખે સમયે અને સ્થળે કોઈપણ જાતના પાસ પરમીટ કે આધાર વગર પોતાના કબ્જામાં દેશી દારૂ વેચાણ અર્થે રાખી મળી આવતા પ્રોહી ૬૫ એએ મુજબનો ગુનો કરેલ હોય આરોપીને અટક કરી પોલીસ તરફથી ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી હાલ જામીન મુકત છે આરોપી કોર્ટમા સમન્સ બજતા હાજર હોય કેસની નકલો આપવામા આવેલ છે ગુન્હા કબુલાતી પુરશીશ આપી ગુન્હાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને તેઓ ગુનો કરેલાનો પસ્તાવો છે અને ભવિષ્યમા તેવી ભુલ ન થાય તેમ જણાવે છે. સદરહુ ગુન્હા અંગે જવાબ લેવામા આવેલ છે પ્રથમ ગુનો અજાણતા થઈ ગયેલ હોય દયા કરવા કોર્ટને અરજ કરેલ છે.

**(૨).** વધુમા આરોપીના કેસ જોતા ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોના કેસમા ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત

ચુકાદામા માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

**:: <u>હુકમ</u> ::**

(૧) આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ–૨૪૧ મુજબ પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એ એ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામા આવે છે.જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલ પાવતીમા જણાવ્યા મુજબનો પ્રોહીબીટેડ મુદામાલના નિયમાનુસાર અપીલ સમય પુરો થયા બાદ નાશ કરવો.

સદર હુકમ આજ રોજ લોક અદાલત માં સ્પે. સિટિંગ માં તારીખ ૧૩/૧૨/૨૦૨૫ રોજ જાહેર કર્યો.

**તારીખ : ૧૩ / ૧૨ / ૨૦૨૫** **(જયશ્રી પી. ગોયલ)**

**રાજકોટ.** **૦૯ માં એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**રાજકોટ.**

**ફોજદારી દંડની રકમ રૂ.....................................**

**દંડની પહોચ નં........................... તા. ૧૩/ ૧૨/૨૦૨૫**

**થી વસુલ લીધી.**

**Najir**

**C. J. M. Court**

**Rajkot.**